ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. 06-10-2022**

પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના ખેડૂતો માટે "ખેડૂત ફસાજા વીમા યોજના બની ગઇ છે. પાક વીમાનાં પ્રીમિયમનાં કરોડો રૂપિયા લીધા બાદ મળવાપાત્ર રકમ આપવામાં ઠાગાથૈયા કરતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કિસાન સેલના ચેરમેનશ્રી પાલભાઈ આંબલીયાએ જણાવ્યું હતું કે, ખેડૂતોના હક્ક અને અધિકાર એવા **પાક વિમો આપવામાં આનાકાની કરતી ભાજપ સરકાર પર નામદાર હાઈકોર્ટે ફટકાર** લગાવતા કહ્યું છે કે, 'સરકારમાં કોમનસેન્સ નથી અથવા તો બીજી દુનિયામાં જીવે છે'. વર્ષ 2019માં અતિવૃષ્ટી થઇ 72 કલાકમાં ખેડૂતોએ પાકવિમો મેળવવા માટે અરજી કરવાની હોય છે પરંતુ પાકવિમા કંપનીની ઓફિસ ન હોવાને કારણે અરજી જમા કરાવી શકાતી ન હતી. ખેડૂત આગેવાન શ્રી જે.કે. પટેલ, કિસાન કોંગ્રેસના હોદ્દેદારશ્રી રામકુભાઈ કરપાડા, શ્રી અશોક પટેલ સહિતના આગેવાનો - નેતાઓએ ભાજપ સરકાર સામે 12 દિવસના આમરણ ઉપવાસ સાથે લડત લડી હતી જેના લીધે સરકારે અરજી સ્વિકારવાનું ચાલુ કર્યું. અરજી સ્વિકારવાના 72 કલાકમાં જ 53000 થી વધુ અરજીઓ આવી. રાજ્ય સરકારે આપેલી અરજીઓ વિમા કંપની દ્વારા અસ્વિકાર કરવામાં આવ્યો ત્યારે ખેડૂતો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પોતાની વાત રજુ કરી, નામદાર હાઈકોર્ટે તા. 27-10-2020ના રોજ પાક વિમો ચુકવવા રાજ્યની ભાજપ સરકારને આદેશ કર્યો. રાજ્ય સરકારે તા. 12-5-2021ના રોજ વિમા કંપનીઓને આદેશ કર્યો કે, ખેડૂતોને પાક વિમો ચુકવે. તેની સામે વિમા કંપનીઓ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જઈ દાવો કર્યો કે, રાજ્ય સરકારના ભાગે આવતી 216 કરોડ 93 લાખ 31 હજાર 4સો 38 વિમાના પ્રિમિયમની રકમ ચૂકવવામાં નથી આવી માટે પાકવિમો આપ્યો નથી.

જાહેરાતોમાં ડબલ એન્જિનની સરકારની વાતો કરતી ભાજપે પાકવિમાના પ્રિમિયમ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ભાગે આવતા રૂપિયા સમયસર ચુકવતી નથી. કેન્દ્ર સરકાર દ્વારા તા. 24-4-2020, 13-09-2020, 15-04-2021 અને 08-06-2021 રાજ્ય સરકારને આદેશ કર્યા છે કે કંપનીઓને પ્રિમિયમ ચુકવી આપો પણ રાજ્ય સરકારે તેનો અમલ નકર્યો. આ દર્શાવે છે ડબલ એન્જીનમાનું એક એન્જીન ખોટકાઇ ગયેલ છે. ખેડૂત વિરોધી ભાજપ સરકારે 12 લાખ ખેડૂતો પાસેથી પાક વિમા પ્રિમિયમ પેટે 430 કરોડ રૂપિયા ભાજપની મળતિયા કંપનીને ચુકવ્યા ત્યારે કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે, જેટલા પણ કેસમાં હાઈકોર્ટે આદેશ કર્યો છે તેમનો પાકવિમો સત્વરે ચુકવવામાં આવે, વર્ષ 2019માં જામનગર, અમરેલી, ગીર સોમનાથ સહિત મંજુર થયેલ 25 ટકા પાકવિમો તાત્કાલીક ચુકવે, ખેડૂતોને ત્રણ વર્ષ સુધી પાકવિમાની રકમ ન ચૂકવી સરકાર ખેડૂતોની ગુનેગાર છે સરકાર ખેડૂતોની માફી માગે અને વ્યાજ સાથે ખેડૂતોને રકમ પરત આપે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ખેડૂત વિરોધી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને રાજુલાના ધારાસભ્યશ્રી અમરીશ ડેરે જણાવ્યું હતું કે, ખેડૂતો માટેની પ્રધાનમંત્રી ફસલ પાક વિમા યોજના એ 'ખેડૂત ફસાજા યોજના' બની છે. ખેડૂતોને સમયસર અને નિયમિત રીતે મળવાપાત્ર પાકવિમા અંગે વારંવાર વિધાનસભામાં કોંગ્રેસ પક્ષ દ્વારા રજુઆત કરવામાં આવી પરંતુ કૃષિમંત્રી દ્વારા જવાબ આપવાને બદલે હાઈકોર્ટમાં જાવ તેવો જવાબ આપ્યો હતો. તે દર્શાવે છે કે, ખેડૂત, ખેતી વિરોધી ભાજપની માનસિકતા અને પાક વિમા માટેની કંપનીઓના મેળાપીપણાને કારણે ગુજરાતનો ખેડૂત દેવાદાર અને આત્મહત્યા કરવા મજબુર બને છે. જે ખુબ ચિંતાનો વિષય છે. ખેડૂતોના હક્ક અને અધિકાર એવા પાકવિમાની ચૂકવણી તાત્કાલીક કરવામાં આવે તેવી કોંગ્રેસપક્ષ માંગ કરે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા